# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-05-2025** **Day: Sunday** **Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર તૌફિક સમા વાંચે છે.

---

## પ્રધાનમંત્રી: મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 122 મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. તેમજ આકાશવાણી ભુજ પરથી મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટીન આવતીકાલે સાંજે ૦૭ વાગીને ૫ મીનીટે પ્રસારિત કરાશે.

---------------------------------------------------------------------------------------

# 10મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોને દરેક રાજ્યમાં ઓછામાં ઓછું એક પર્યટન સ્થળ વૈશ્વિક ધોરણો અનુસાર વિકસાવવા અને તમામ સુવિધાઓ અને માળખાગત સુવિધાઓ પૂરી પાડવા જણાવ્યું છે.

ગઈકાલે નવી દિલ્હીમાં નીતિ આયોગની 10મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરતાં, પ્રધાનમંત્રીએ એક રાજ્ય: એક વૈશ્વિક સ્થળ પર ભાર મૂકતાં કહ્યું કે આનાથી પડોશી શહેરોનો પણ પ્રવાસન સ્થળો તરીકે વિકાસ થશે. તેમણે ભાર મૂક્યો કે વિકાસ, નવીનતા અને ટકાઉપણું શહેરોના વિકાસનું એન્જિન હોવું જોઈએ. પ્રધાનમંત્રીએ કહ્યું કે જો કેન્દ્ર અને બધા રાજ્યો સાથે મળીને ટીમ ઇન્ડિયા તરીકે કામ કરે તો કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી. તેમણે ઉમેર્યું કે, "વિકસિત ભારત દરેક ભારતીયનું લક્ષ્ય છે, જ્યારે દરેક રાજ્યનો વિકાસ થશે, ત્યારે ભારતનો વિકાસ થશે. તેમણે એમ પણ કહ્યું કે આ 140 કરોડ નાગરિકોની આકાંક્ષા છે. પ્રધાનમંત્રી મોદીએ દરેક કાર્યોમાં મહિલાઓનો સમાવેશ કરવા વિનંતી કરી હતી.

---------------------------------------------------------------------------------

# પાકિસ્તાન માટે જાસૂસી કરતા એક વ્યક્તિની ધરપકડ

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- ATSની ટુકડીએ પાકિસ્તાન માટે જાસૂસી કરતા એક વ્યક્તિની ધરપકડ કરી છે. ભારતીય સેનાની માહિતી પાકિસ્તાનને આપતા સમયે કચ્છના દયાપર ખાતેથી આ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. તે સરહદ સુરક્ષા દળ- BSF અને નૌકાદળના પ્રૉજેક્ટના ફોટો અને વીડિયો પાકિસ્તાનને મોકલતો હતો.

આરોપી ભારતીય સેનાની માહિતી માગનારી પાકિસ્તાની મહિલા એજન્ટનાં સંપર્કમાં પણ હતો, એમ ATS એ જણાવ્યું છે.

---------------------------------------------------------------------------------

# હીરા ઉદ્યોગ માટે આર્થિક સહાયની જાહેરાત

રાજ્ય સરકારે હીરા ઉદ્યોગમાં મંદીથી અસરગ્રસ્ત રત્નકલાકારો, નાના ઉદ્યોગકારો માટે આર્થિક સહાયની જાહેરાત કરી છે. ગૃહ અને ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે સુરતમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, 'આ સહાય અંતર્ગત બેરોજગાર રત્નકલાકારોના બાળકોની એક વર્ષ માટે 13 હજાર 500 રૂપિયા સુધીની ફી સરકાર આપશે.

ઉલ્લેખનીય છે કે, હીરા ઉદ્યોગમાં મંદીને પગલે રત્ન કલાકારો, હીરાના નાના ઉદ્યોગકારો, વેપારીઓને રાહત આપવા મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી, શિક્ષણ રાજ્યમંત્રી, ગૃહ વિભાગ ACSની સમિતિની રચના કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

# માછીમારી પર પ્રતિબંધ

રાજયમાં દરિયા કાંઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં તારીખ પહેલી જુન-૨૦૨૫ થી ૧૫ ઓગષ્ટ-૨૦૨૫ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી આંતરદેશીય તથા પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે જે અનુસંધાને જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક વિસ્તારમાં કોઇપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિએ પહેલી જુન-૨૦૨૫ થી ૩૦ જુલાઈ ૨૦૨૫ સુધી જવા પર અને કોઈપણ બોટની અવર-જવર કરવા પર મનાઈ ફરમાવવામાં આવી છે.

આ હુકમ પોર્ટ ઉપર આવતા વ્યાપારિક જહાજો, લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળોની બોટો, પગડીયા માછીમારો, લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી ને લાગુ પડશે નહીં. તેમજ મદદનીશ મત્સ્યોધ્યોગ નિયામક ભુજ, સંબંધિત પોર્ટ અધિકારીઓ અધિકૃત કરે તેવી બોટ કે વ્યક્તિઓને પણ લાગુ પડશે નહી.

---------------------------------------------------------------------------------

# વિદેશથી આવેલા એક યુવકને કોરોના

જામનગરમાં વિદેશથી આવેલા એક યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા, તેમના સંપર્કમાં આવેલા તમામ લોકોનું પરીક્ષણ કરાશે.

જામનગર મહાનગરપાલિકા અને  જીજી હોસ્પિટલ દ્વારા  સૌને સતર્ક રહેવા જણાવાયું છે.

**---------------------------------------------------------------------------------------------**

# આઇ. પી. એલ.

ગુજરાત ટાઇટન્સ અને ચેન્નઇ સુપર કિંગ વચ્ચે આજે અમદાવાદ નાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઇ પી એલ નો ક્રિકેટ જંગ ખેલાશે આ મેચ આજે બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે ગુજરાત ની ટીમે 13 માં થી 9 મેચ જીતી 18 પોઇન્ટ સાથે મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે જ્યારે ચેન્નઇ ની ટીમ 13 માં થી માત્ર 3 મેચ જીતી 6 પોઇન્ટ સાથે 10 માં ક્રમે છે.

**---------------------------------------------------------------------------------------------**